જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૦૧/૨૦૨૦ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૭/૨૦૨૦**

## પ્રોહીબીશન અંગે થયેલ જનતા રેઇડ ની સાચી હકિકત બહાર લાવી સાચા આરોપીની અટકાયત

**રાણીપ પોલીસ સ્ટેશન :**

### રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમા તા.૦૨/૧૨/૨૦૧૯ ના રોજ પ્રોહીબીશન અંગે થયેલ જનતા રેઇડ ની સાચી હકિકત બહાર લાવી સાચા આરોપીઓ પકડી પાડતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર નાઓની સુચના અન્વયે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની પ્રવુતી અંગે અત્રેના પો.સ્ટે. ખાતે દાખલ થયેલ પ્રોહી ગુ.ર.નં-૫૩૬૦/૨૦૧૯ ધી પ્રોહી કલમ ૬૫(ઇ), ૮૧ મુજબના કામે હકીકત એવી હતી કે ગઇ તારીખ ૦૨/૧૨/૨૦૧૯ ના રોજ પ્રોહીબીશન ની ડ્રાઇવ અન્વયે સર્વેલન્સ પો.સ.ઇ. એમ.જી.ઢોડીયા તથા વુ. પો.સ.ઇ. એ.આર.ખત્રી નાઓ પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી હકિકત મળેલ કે રાણીપ પી&ટી કોલોની ની પાછળ કાચા છાપરા,અંબેમાતાની ચાલી માં રહેતા સુરેશ ઉર્ફે સુર્યો સ/ઓ ભવાનજી ઠાકોર તથા તેની માતા નામે લક્ષ્મીબેન ભવાનજી ઠાકોર તથા તેની બહેન ભારતી વા/ઓ નરેશભાઇ મકવાણા તથા તેનો મળતીયો નામે સંજય ભવાનજી ઠાકોર નાઓ પોતાના ઘરની પાછળના ભાગે જમીનની અંદર કેટલોક ગેરકાયદેસર નો દેશી દારૂ સંતાડી રાખેલ છે જે આધારે સદરી જગ્યાએ પોલીસે રેઇડ કરેલ અને બાતમી હકિકત વાળી જગ્યાએથી ૩૭ લીટર જેટલો દેશી દારૂ કિ.રૂ. ૭૪૦/- નો શોધી કાઢેલ આ દરમ્યાન કેટલાક સ્થાનીક રહેવાસી સ્ત્રી-પુરૂષોનુ ટોળુ એકઠુ થઇ ગયેલ અને કોઇએ મોબાઇલમાં વિડીઓ ઉતારી મીડીયામાં જાણ કરી દેતા મીડીયા દ્વારા જનતા રેઇડનો મેસેજ પ્રસિધ્ધ થયેલ હતો.

સદર ગુના બાબતે હકિકત લક્ષી તપાસ કરતા જાણવા મળેલ કે તા.૦૧/૧૨/૧૯ ના રોજ સર્વેલન્સ સ્કોડ દ્વારા ઉપરોક્ત રાણીપ પી.એન્ડ ટી. કોલોનીની બાજુમાં ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે જાહેરમાં જુગાર રમતા સાત ઇસમોને રૂ. ૧૫,૯૦૦/- ની મત્તા સાથે પકડી લીધેલ હતા અને ગુનો દાખલ કરેલ હતો. આ જુગારના આરોપીઓ પૈકી ભરત ઉર્ફે બીબલી બાબુજી ઠાકોર રહે. મગનપુરાની ચાલી, પી.એન્ડ.ટી. કોલોની પાસે રાણીપ અમદાવાદ નાએ તેના મિત્ર અંકિત પિતાંબર ભાઇ પરમાર રહે. બી/૩૪, ડાયમંડ ફ્લેટ, ભવ્ય પાર્ક, બોપલ અમદાવાદ શહેર નાઓ સાથે મળી પોલીસે કરેલ જુગારના કેશની અદાવત રાખી પોલીસને બદનામ કરવા માટે પુર્વ આયોજીત ગુનાહીત કાવતરૂ રચી તેઓના મિત્ર આનંદ ઉર્ફે બોડા છારા રહે.કાળીગામ મારફતે તા.૦૨/૧૨/૨૦૧૯ ના રોજ દેશી દારૂ રાણીપ બકરામંડી ખાતે મંગાવી તે દારૂમાં પાણી ભેળવી દારૂની કોથળીઓ બનાવી તે દારૂને લક્ષ્મીબેન ભવાનજી ઠાકોર રહે.પી.એન્ડ ટી કોલોનીના છાપરા રાણીપ નાઓની ગેરહાજરીમાં તેના મકાનના પાછળના ભાગે તથા બસંતીબેનના ધાબા ઉપર મુકી પોતાના ઓળખીતા મીડીયાના માણસોને બોલાવી, પોલીસ કંટ્રોલરૂમમાં જનતા રેઇડની જાણ કરી પોલીસની રેઇડ દરમ્યાન ચાલીના માણસોને ભેગા કરી પોલીસ વિધ્ધમાં ઉશ્કેરણી કરી પોલીસના માણસો રેઇડ દરમયાન લક્ષ્મીબેનના ઘરની પાછળથી શોધેલ દેશી દારૂ સાથે આ કામના આરોપી ભરત ઉર્ફે બીબલી તથા અંકિત પરમાર હાજર ટોળાના માણસોની મદદથી તેઓએ લાવેલ અને બસંતીબેનના ધાબા ઉપર સંતાડી રાખેલ દેશી દારૂ ધાબા ઉપરથી નિચે ઉતારી પોલીસે શોધેલ દેશી દારૂ સાથે ભેળવી દઇ જનતા રેઇડ બતાવેલ હતી.

આમ પોલીસને બદનામ કરવાના ઇરાદે જુગારમાં પકડાયેલ ભરત ઉર્ફે બીબલી બાબુજી ઠાકોર નાએ તેના મિત્ર અંકિત પિતાંબરભાઇ પરમારની મદદથી રાણીપ પોલીસે તેના વિરૂધ્ધમાં કરેલ જુગારના કેશની અદાવત રાખી તેઓના મિત્ર આનંદ ઉર્ફે બોડો છારા પાસે દેશી દારૂ મંગાવી તેમા પાણી ભેળવી તમામ દારૂ પોલીસની રેઇડ દરમ્યાન પોલીસે પકડેલ દારૂ સાથે ભેળવી દઇ તેમના ઓળખીતા માણસોના ટોળા ભેગા કરી મિડીયા બોલાવી પોલીસની રેઇડને ખોટી જનતા રેઇડ તરીકે પ્રસિધ્ધ કરી ગુનો કરેલ હોય આરોપી અંકિત પરમાર નાને તા-૧૮/૦૧/૨૦૨૦ ના તેમજ આરોપી ભરત ઉર્ફે બીબલી ઠાકોર તેમજ અન્ય ત્રણ આરોપીઓને તા-૧૯/૦૧/૨૦૨૦ ના રોજ પકડી કાયદેસર કાર્યાવાહી કરેલ છે. સદર ગુનાની તપાસ હાલમાં ચાલુ છે. તા.૨૧/૦૧/૨૦૨૦



# મોબાઇલ ફોન ઝુટવી ચીલ-ઝડપ કરનાર આરોપીની અટકાયત

## સરદારનગર પોલીસ સ્ટેશન :

## મોબાઇલ ફોન ઝુટવી ચીલ ઝડપ કરનાર આરોપી ને મુદ્દામાલ સાથે પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ તથા સર્વેલન્સ સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો.વિક્રમસિહ સુખદેવસિહ બ.ન. ૬૨૧૯ તથા અ.પો.કો.સંદીપસિહ કોદરસિહ બ.ન. ૩૫૦૩ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ જેણે શરીરે બ્લ્યુ કલરનુ ગરમ જેકેટ તથા બ્લ્યુ કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે જે પોતાની પાસે ચોરી અગર છળ કપટથી મેળવેલ મુદ્દામાલ પોતાની પાસે રાખી રાજાવીર સર્કલ બસસ્ટેશન પાસે ઉભો છે " જે બાતમી હકીકત આધારે સરદારનગર પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૧૧૧૯૧૦૪૦૨૦૦૨૧૩/૨૦૨૦ ઇ.પી.કો.કલમ- ૩૭૯(એ),(૩) મુજબના ગુન્હાના કામે તારીખ-૧૮/૦૧/૨૦૨૦ ના સવારના ક. ૧૯/૦૦ વાગ્યા દરમ્યાન કુબેરનગર દેવલાલી બજાર જાહેરમાં ફરીયાદી શ્રી તેઓના ફોન પર વાત કરતા ચાલતા જતા હતા ત્યારે ફરીયાદીના હાથમાં થી ઓપ્પો કંપનીનો ફોન જુટલી ચીલ ઝડપ કરી ભાગી ગયેલ જે ગુનાના કામે આરોપી કિશોર ઉર્ફે કિશલો મનજીભાઇ રાઠોડ ઉ વ- ૩૪ રહે- મોટવાણી ગલી હંસરાજ ફ્લેટની બાજુમાં છારાનગર રોડ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાને મુદામાલ સાથે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**આરોપી:-** કિશોર ઉર્ફે કિશલો મનજીભાઇ રાઠોડ ઉ વ- ૩૪ રહે- મોટવાણી ગલી હંસરાજ ફ્લેટની બાજુમાં છારાનગર રોડ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

**મુદ્દામાલ;-** ઓપ્પો કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૭૦૦૦/-

**કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-** (૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) આસી.પોલીસ સબ ઇન્સપેકટર ડી.આર.બાગુલ (૩) હે.કો.અરવિન્દસિહ રાયસિહ બ ન- ૮૩૮૧ (૪) અ.હે.કો.વિક્રમસિહ સુખદેવસિહ બ.ન. ૬૨૧૯ (૫) અ.પો.કો.સંદીપસિહ કોદરસિહ બ.ન. ૩૫૦૩ (૬) અનાર્મ લોકરક્ષક પ્રજ્ઞેશકુમાર પોપટભાઇ બ ન- ૫૯૫ વિગેરે.

## <u>સરખેજ પોલીસ સ્ટેશન</u> :

## <u>મોબાઇલ સ્નેચિંગના આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.ડી.ચુડાસમા તથા અ.હેડ.કોન્સ.અજીતસિહ પ્રભાતસિહ બ.નં-૪૧૨૮ તથા અ.પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા અ.પો.કોન્સ દેવેન્દ્રસિંહ બબલસિંહ ૮૬૨૬ તથા અ.પો.કોન્સ હરીસંગ સુરતસંગ ૧૦૦૮૨ તથા અ.પો.કોન્સ ધર્મેન્દ્રસિંહ નારણભાઇ ૩૧૮૦ તથા અ.લોકરક્ષક કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૦૨૬૩ નાઓની ટીમ બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના <u>**અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪**</u> નાઓને ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ઢાળ ચાર રસ્તા ખાતેથી બે આરોપીઓને સિકકા પોલીસ સ્ટેશન જિ-જામનગર વિસ્તારમાંથી મોબાઇલ સ્નેચિંગ કરેલા મોબાઇલ ફોન નંગ-૫ સાથે સી.આર.પી.સી.૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે

<u>**કબ્જે કરેલ મુદામાલ**</u> :

(૧)મરૂન તથા કાળા કલરનો વીવો કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૮,૦૦૦/-

(૨)કાળા કલરનો વીવો કંપનીનો મોબાઇલ ફોન જેની કિં.રૂ.૭,૦૦૦/-

(૩)ગોલ્ડન કલરનો એમ.આઇ.કંપનીનો મોબાઇલ ફોન જેની કિં.રૂ.૪,૦૦૦/-

(૪)વાદળી કલરનો સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન જેની કિં.રૂ.૫,૦૦૦/-

(૫)ગોલ્ડન કલરનો કીપેડ વાળો માઇક્રોમેકસ કંપનીનો મોબાઇલ જેની કિં.રૂ.૫૦૦/-

મળી તમામ મોબાઇલ ફોનની કિં.રૂ.૨૪૫૦૦/-ના મતાનો મુદામાલ

<u>**પકડાયેલ આરોપીઓ**</u>:-

(૧)અસગર સન/ઓ હારૂનભાઇ આમનભાઇ કકડ ઉ.વ.૨૧ રહે.અબ્દુલભાઇના મકનમાં તાજપીરનો ટેકરો સુપર ફાઇન બેકરીની સામે સરખેજ ગામ સરખેજ અમદાવાદ શહેર મુળ ગામ-સચાણા બાલાચડી સૈનિક સ્કુલ તા- જોડીયા જિ-જામનગર

(૨)શાહનવાઝ ઉર્ફે સાનુ સન/ઓ મયુભાઇ કાળુભાઇ કુરેશી ઉ.વ.૨૫ રહે.શાસ્ત્રીનગર,સુપર ફાઇન બેકરીની પાછળ ગોલ્ડન હાઉસની સામે સરખેજ ગામ સરખેજ અમદવાદ શહેર મુળ પટવા શેરી ત્રણ દરવાજા કારંજ અમદાવાદ



# " SHE TEAM " કરેલ કામગીરીનો રીપોર્ટ

## આનંદનગર પોલીસ સ્ટેશન :

આનંદનગર પોલીસ સ્ટેશન ની she team દ્વારા કન્ટ્રોલરૂમના મેસેજ અન્વયે આત્મહત્યાની ધમકીના મેસેજ વાળી જગ્યાની મુલાકાત લેવામાં આવેલ સદર બહેન ને સમજાવવામાં આવેલ.



# <u>પાસા અંગેની અટકાયતની વિગત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૨૦.૧.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોને બિભત્સગાળો બોલી હાથપગ ભાંગી નાખવાની ધમકીઓ આપનાર તેમજ પોલીસ ની કાયદેસરની ફરજમા રુકાવટ ઉભી કરી પોલીસ ઉપર છરી વડે હુમલો કરનાર માથાભારે અને ઝનુની તેમજ ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ ઈસમ અક્ષય ઉર્ફે ભુરીયો રસીકભાઈ રણછોડદાસ પટેલ રહેવાસી- મ.ન.બી/૨૭ કૈલાશ પાર્ક સોસાયટી સુરેલીયા રોડ, રામોલ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અક્ષય ઉર્ફે ભુરીયો રસીકભાઈ રણછોડદાસ પટેલ રહેવાસી- મ.ન.બી/૨૭ કૈલાશ પાર્ક સોસાયટી સુરેલીયા રોડ, રામોલ અમદાવાદ |

- અમદાવાદ શહેરના એરપોર્ટ તથા શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોના ગળામા હાથ નાખી સોનાની ચેનનુ વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામા રાખનાર તથા અગાઉના ઝઘડાની અદાવત રાખી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરનાર તથા ચપ્પુ વડે ઇજા કરનાર માથાભારે અને ઝનુની તેમજ ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ ઈસમ કિરણ ઉર્ફે બોડીયો મનોજભાઈ હોળેચી (સોલંકી) રહેવાસી- મ.ન.૧૧૦ જય શકિતનગર, નર્સરીની પાછળ હાંસોલ ગામ સરદારનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- વિરમગામ લાકડી બજાર તા.વિરમગામ જિ.અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | કિરણ ઉર્ફે બોડીયો મનોજભાઈ હોળેચી (સોલંકી) રહેવાસી- મ.ન.૧૧૦ જય શકિતનગર, નર્સરીની પાછળ હાંસોલ ગામ સરદારનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- વિરમગામ લાકડી બજાર તા.વિરમગામ જિ.અમદાવાદ |

- અમદાવાદ શહેરના શહેરકોટડા તેમજ રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી મો.સા ઉપર આવી ફરીયાદીએ તેની એક્ટીવાના આગળ ના ભાગે પગ પાસે હુકમા ભરાવેલ લેધર પાકિટ જેમા રહેલ રોકડા નાણા તથા અન્ય ચીજ વસ્તઓ હતી તેને ખેચી લુટ કરી લઈ જનાર તથા પાર્ક થયેલ કારની પાછળની સીટના દરવાજાનો કાચ ડીસમીસ વડે તોડી ગાડીને નુકશાન કરી કારમા રાખેલ રોકડા રુપિયા ૧૪,૦૦,૦૦૦/ની ચોરી કરાનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે ચેતન ઉર્ફે ચીંટુ વિજયભાઈ પુલસિંગ ઘમંડે(છારા) રહેવાસી- ક્લ્પના ડોકેકરના મકાનમા બંગલા એરીયા રબારીવાસ મેઘાણીનગર અમદાવાદ શહેર તથા નવખોલી, મહાકાળી મંદિરની બાજુમા, મોગલી તમંચેના ઘરની બાજુમા કુબેરનગર સરદારનગર અમદાવાદ  વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ચેતન ઉર્ફે ચીંટુ વિજયભાઈ પુલસિંગ ઘમંડે(છારા) રહેવાસી- ક્લ્પના ડોકેકરના મકાનમા બંગલા એરીયા રબારીવાસ મેઘાણીનગર અમદાવાદ શહેર તથા નવખોલી, મહાકાળી મંદિરની બાજુમા, મોગલી તમંચેના ઘરની બાજુમા કુબેરનગર સરદારનગર અમદાવાદ |

- આ ઉપરાંત મિલ્કતસંબધી પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૩ ઇસમો મળી **કુલ્લે ૬ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને રાજકોટ, સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.